GCPG-II-373-03-04-5000-2

રાજય સરકારના ઇ-ગવર્નન્સની નીતિ અંગે વર્ગ-૧ થી વર્ગ-૩ ના સીધી ભરતી, તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા અંગે

ગુજરાત સરકાર.
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૩-૬૭૨(૧)-ગ-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૧-૮-૨૦૦૩

**પરિપત્ર :**

રાજય સરકારના ઇ-ગવર્નન્સની નીતિ અંગે વર્ગ-૧ થી વર્ગ-૩ ના સીધી ભરતી, તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા અંગે આ વિભાગના સરખા ક્રમાંકના તા. ૧૧-૮-૨૦૦૩ ના પત્રથી દરેક વિભાગને જણાવવામાં આવેલ છે. આ સંબંધમાં નીચે મુજબની કાર્યપદ્ધતિ આથી નક્કી કરવામાં આવે છે.

સીધી ભરતી.

(૧) સીધી ભરતીના કિસ્સામાં નિયત શૈક્ષણિક લાયકાત ઉપરાંત કોમ્પ્યુટરની જાણકારી Department of Electronics Accreditation (DOEACC) Society ના Course on Computer Concepts (CCC) કક્ષાની અથવા રાજય સરકાર વખતોવખત નક્કી કરે તે કક્ષાની રહેશે.

(૨) ઉમેદવારની સીધી ભરતીથી પસંદગી પામવા માટેની કોમ્પ્યુટરની જાણકારી માટે રાજય સરકારની નિયત કરવામાં આવેલ ઉપર ક્રમાંક-(૧) માં જણાવેલ કક્ષાની પરીક્ષા ઔદ્યોગિક તાલીમ સંસ્થા/રપીપા અથવા રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવે તેવી સંસ્થામાં પાસ કરવાની રહેશે.

(૩) આ પરીક્ષા લેખિત તેમજ પ્રાયોગિક એમ બે ભાગમાં લેવાની રહેશે. લેખિત પરીક્ષા ઓનલાઇન લઇ શકાશે. લેખિત પરીક્ષા ઓનલાઇન લેવા અંગે તેમજ પ્રાયોગિક પરીક્ષા અંગે દરેક જિલ્લા મથકની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે જરૂરી માળખાકીય સવલતો ઉપલબ્ધ છે.

(૪) આ લેખિત અને પ્રાયોગિક બન્ને પરીક્ષા ૫૦-૫૦ ગુણની રહેશે અને ઉત્તીર્ણ થવા માટે પ્રત્યેકમાં ઓછામાં ઓછા ૩૦-૩૦ ગુણ મેળવવાના રહેશે.

બઢતી માટે

૧) રાજય સરકારની સેવામાં ચાલુ હોય તેવા અધિકારીઓ/કર્મચારીઓને બઢતી મેળવવા માટે Department of Electronics Accreditation (DOEACC) Society ના Course on Computer Concepts (CCC) કક્ષાની અથવા રાજય સરકાર વખતોવખત નક્કી કરે તે મુજબની પરીક્ષા ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રપીપા કે રાજય સરકાર નક્કી કરે તેવી સંસ્થાઓ મારફતે પાસ કરવાની રહેશે. બઢતી પૂર્વે આવી પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ તે મુજબની જોગવાઇ બે વર્ષ બાદ એટલે કે તા. ૧-૭-૨૦૦૫ થી લાગુ કરવાની રહેશે.

૨) , વર્ગ-૪ માંથી વર્ગ-૩ સંવર્ગમાં બઢતી મેળવવા સંબંધિત કર્મચારીએ આ પરીક્ષા પાસ કરવાની રહેશે.

Downloaded From:Prashantgavaniya.blogspot.in

૩) ઉચ્ચતર પગારધોરણની યોજના અન્વયે ઉચ્ચતર પગારધોરણ મેળવવા પણ સંબંધિત અધિકારીઓ/કર્મચારીઓએ આ પ્રકારની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈશે. આ જોગવાઈ પણ તા.૧-૭-૨૦૦૫ થી લાગુ કરવાની રહેશે.

૪) જે અધિકારીઓ/કર્મચારીઓએ તા. ૧-૭-૨૦૦૫ ના રોજ ૪૫ વર્ષની વયમર્યાદા વટાવી ચૂક્યા હોય તેઓને બઢતી/ઉચ્ચતર પગારધોરણ માટે કોમ્પ્યુટરની ઉપરોક્ત પરીક્ષા પાસ કરવાની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવે છે. જેથી તેઓએ આવી પરીક્ષા આપવાની રહેશે નહિ.

ઉપર જણાવ્યા મુજબની કાર્યપદ્ધતિ અનુસરવા માટે સચિવાલયના તમામ વિભાગો તથા ખાતાના વડાઓને આથી જણાવવામાં આવે છે.આ કાર્યવાહી (નિયમોની સુધારણાની) તા. ૩૧-૩-૨૦૦૪ પહેલાં પૂર્ણ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હેમેન્દ્ર શાહ)
સંયુક્ત સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર,
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

સચિવાલયના સર્વે વિભાગો / ખાતાના વડા /કચેરીના વડા.
સર્વે ખાતાના વડા/ કચેરીના વડા,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/ અધિકારીઓ.
સીલેક્ટ ફાઈલ

---

- પત્ર દ્વારા.

Downloaded From:Prashantgavaniya.blogspot.in